# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-04-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાજ્યમાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે જાહેરનામું આજે બહાર પડશે:

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે આજે જાહેરનામું બહાર પડતાંની સાથે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થશે. આવતા સોમવાર 13મી સુધી ઉમેદવારી નોંધાવી શકાશે, બીજા દિવસે તેની ચકાસણી થશે 15મી સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચાઈ જતા ચિત્ર સ્પષ્ટ થશે.

રાજ્યમાં 15 મહાનગરપાલિકા, 84 નગરપાલીકા, 34 જિલ્લા પંચાયતો અને 260 તાલુકા પંચાયતોની 9 હજાર 999 બેઠકો માટે 26મી એ મતદાન થશે. કચ્છમાં ગાંધીધામ મહાનગરપાલીકા, 5 નગરપાલિકા, જિલ્લા પંચાયત અને 9 તાલુકા પંચાયતની 448 બેઠકો પર ચૂંટણી યોજાશે

---

## દેશભરમાં પેટ્રોલ, ડીઝલ, LPG ઉપલબ્ધતા જાળવવાના પ્રયાસો :

સરકાર દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને LPGની ઉપલબ્ધતા જાળવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. સરકારે નાગરિકોને LPG સિલિન્ડર બુક કરવા માટે ડિજિટલ પદ્ધતિઓનો ઉપયોગ કરવા અને ગેસ વિતરકોની બિનજરૂરી મુલાકાત ટાળવા વિનંતી કરી છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે માહિતી આપી હતી કે, ડિલિવરી ઓથેન્ટિકેશન કોડ આધારિત LPG ડિલિવરી ફેબ્રુઆરી 2026માં 53 ટકાથી વધીને 90 ટકા થઈ ગઈ છે જેથી વિતરક સ્તરે ડાયવર્ઝન અટકાવી શકાય.

શિપિંગ, અને જળમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે બધા ભારતીય નાવિકો સુરક્ષિત છે અને છેલ્લા 24 કલાકમાં કોઈપણ ભારતીય ધ્વજવાળા જહાજ સાથે કોઈ મુશ્કેલીનો અહેવાલ નથી.

---

## રાજ્યને કેરોસીનના જથ્થાની ફાળવણી :

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યને કુલ એક હજાર 452 કિલોલિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારની સૂચના મુજબ, ગ્રામીણ વિસ્તારોમાં કેરોસીન ડિલર એસોસિએશન તથા ઑઇલ માર્કેટિંગ કંપનીઓ સાથે LPG ઉપરાંત કેરોસીનના વિતરણની વધારાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

---

## ગુજકેટની આન્સર કી જાહેર કરાઈ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા 29 માર્ચે લેવાયેલી ગુજરાત સમાન પ્રવેશ પરીક્ષા – ગુજકેટની પરીક્ષાની પ્રૉવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ WWW.GSEB.ORG વેબસાઈટ પર આ આન્સર કી જોઈ શકશે. તેમજ GUJCETKEY@GMAIL.COM પર આ અંગેની કોઈ પણ રજૂઆત આગામી આઠ એપ્રિલે સાંજે છ વાગ્યા સુધી મોકલી શકાશે, તેમ બૉર્ડની યાદીમાં જણાવાયું છે.

---

## જીલ્લામાં SOG પોઈલ્સે કેફી પદાર્થ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી :

જીલ્લામાં SOG પોલીસે એક કિલોથી વધુના કેફી પદાર્થ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ, માંડવી-નલિયા રાજમાર્ગ પર પશ્ચિમ કચ્છ-ભુજની ટુકડીએ એક શંકાસ્પદ વ્યક્તિને અટકાવી તપાસ કરતાં તેની પાસેથી કેફી પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે તેની પાસેથી ચાર લાખ રૂપિયાથી વધુનો સામાન કબજે કર્યો છે. તેમજ આ વ્યક્તિ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરાઇ છે.

---------------------------------------------------------------------------------------------------

## કંડલા બંદર ખાતે સૌપ્રથમ એ મિથેનોલનું સફળ પરીક્ષણ :

દેશભરના મહાબંદરગાહોમાં સૌપ્રથમ વખત ઈ-મિથેનોલનું સફળ પરીક્ષણ દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા સંપન્ન કરવામાં આવ્યું છે. આગામી સમયમાં પાંચ લાખ ટન ઈ-મિથેનોલ ઉત્પાદન કરાશે, જેના થકી વિશ્વભરનાં જહાજોને ઈંધણ પૂરાવવા માટેની સવલત અહીં વિકસાવવામાં આવશે. તેવું 63મા નેશનલ મેરીટાઈમ ડેની ઉજવણી પ્રસંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

આ ઉપરાંત ડીપીએ 160 એમ.એમ.ટી. કાર્ગો હેન્ડલિંગ સાથે પ્રથમ ક્રમે આવ્યું હોવાનું જણાવતા ડીપીએના ચેરમેને જણાવ્યું હતું કે, પોર્ટ વપરાશકારો સહિતના સહિયારા પ્રયાસથી આ સિદ્ધિ હાંસલ કરી છે.

પોર્ટની ક્ષમતા વધારવા માટે 9, 10 અને 11 એમ ત્રણ નવી ઓઈલ જેટી બનાવવામાં આવશે તેમ વધુમાં જણાવાયું હતું.

---------------------------------------------------------------------------------------------------

## ગુડથર ખાતે મતિયાદેવ સ્થાનકે તરી દિવસીય મેળો :

અબડાસા તાલુકાના ગુડથરમાં મહેશ્વરી સમાજના યાત્રાધામ મોટા મતિયાદેવના સ્થાનકે ત્રિદિવસીય મેળો યોજાયો હતો. આ પ્રસંગે મહાઆરતીમાં મોટી સંખ્યામાં આવેલા ભાવિકોએ લાભ લીધો હતો. કચ્છ તેમજ રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી તેમજ મધ્યપ્રદેશ સહિત વિવિધ રાજ્યોમાં વસતા મહેશ્વરી સમાજના ભાઈ-બહેનો પગપાળા તેમજ વાહનો મારફતે આવી મેળામાં મહાલ્યા હતા.

આ ઉપરાંત ધૂપ પેડી પ્રસાદ, બારમતી પંથ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

---------------------------------------------------------------------------------------------

## કમોસમી વરસાદની આગાહી :

રાજ્યના અનેક જિલ્લામાં પશ્ચિમી વિક્ષેપની અસર હેઠળ આજથી બે દિવસ કમોસમી વરસાદની આગાહી છે. જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં આજથી પવનની ગતિ વધવાની શક્યતાને કારણે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

દરમ્યાન જીલ્લામાં અનુભવાતાં વિષમ વાતાવરણ વચ્ચે જીલ્લામાં તાપનો પ્રભાવ વર્તાયો હતો. જીલ્લા મથક ભુજ ખાતે મહત્તમ ઉષ્ણતામાન ૩૫.૫ ડીગ્રીએ પહોચતા રાજ્યનું ત્રીજા નંબરનું ગરમ મથક બન્યું હતું. હવામાન વિભાગે પશ્ચિમી વિક્ષોભની અસરથી આવતીકાલે જીલ્લાના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે.

---------------------------------------------------------------------------------------------